બાયડની જુની સરકારી પ્રાથમિક શાળા ખંડેર હાલતમાં

બાયડ, તા. ૧૧

બાયડ ગામમાં આવેલ વાણીયાના માઢ સામે જુની સરકારી પ્રાથમિક શાળાની હાલત દયનીય અને શરમજનક પરિસ્થિતિમાં છે. તેમ છતાં બાયડ નગરપાલિકા અને તાલુકા પંચાયત દ્વારા કોઈપણ જાતનાં પગલાં ભરવામાં આવ્યા નથી. છેલ્લા ૧૫ વર્ષથી સરકારી પ્રાથમિક શાળામાં બંધ પડેલી છે તેમ છતાં તંત્ર હજુ ઘોર નિદ્રામાં છે.

આ સરકારી પ્રાથમિક શાળામાં લોકો દ્વારા જાહેર મુતરડી બનાવી દિધી હોય તેવી રીતે લોકો ત્યાં પેશાબ કરે છે. અને ખાલી દારૂની પોટલીઓનો ભંડાર ત્યાં હાલમાં જોવા મળે છે. ત્યાં બાયડ મામલતદાર, પ્રાંત કલેક્ટર અને જિલ્લા કલેક્ટર દ્વારા ઓચીંતી સરપ્રાઈઝ તપાસ કરવામાં આવે તેમ બાયડ ગામના લોકો દ્વારા જાણવા મળ્યું છે. કેટલાક આગેવાનો દ્વારા ઉચ્ચ લેવલે રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં હજુ તંત્ર ઘોર નિદ્રામાં છે. કેટલાંક રાજકીય આગેવાનો દ્વારા પણ આ મુદ્દે ઉચ્ચ લેવલ સુધી રજૂઆત કરવામાં આવે તેવું બાયડ ગામના નાગરીકોનું કહેવું છે. આ કામ પુરૂ થશે કે નહી થાય ? તે જોવું રહ્યું.

ગાંધીનગર સમાચાર દ્વારા નગરપાલિકાના એક અધિકારીને આ વિશે જણાવ્યું કે તે અમારા રેકોર્ડમાં આવતી નથી તે તાલુકા પ્રાથમિક અધિકારીમાં આવે છે.

ગાંધીનગર સમાચાર દ્વારા તાલુકા પ્રાથમિક અધિકારીને પુછતા જણાવ્યું છે કે મને આ વાતની ખબર નથી અમારા રેકોર્ડમાં છે કે નહિ એ પણ ખબર નથી ત્યાં સ્કૂલ આવેલી છે કે નહીં તે પણ ખબર નથી.

આ સરકારી પ્રા. શાળા અગાઉ બે સરકારી ઓફીસ માટે માંગવામાં આવી હતી. પણ એ તો કાગળ ઉપર રહી ગઈ હોય તેમ છે. બાયડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન માટે પી.એસ.આઈ. ભરવાડ દ્વારા ૨૦૧૨-૧૩માં બાયડ અર્બન હેલ્થ સેન્ટર માટે પણ માંગવામાં આવી હતી પણ હજુ સુધી કોઈ જાતની અરજીનો નિકાલ હજુ થયો નથી.

તલોદના મુખ્ય બજારના માર્ગનું નિર્માણકાર્ય અટવાતા વેપારી અને રાહદારીઓ પરેશાન

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના વેપારી મથક તલોદના મુખ્ય બજારના રોડ માર્ગના લગભગ ૧ માસથી ટલ્લે ચડેલા નિર્માણકાર્યને કારણે વેપારી આલમ, રાહદારીઓ તથા વાહનચાલકો વગેરે ભારે આપદાનો ભોગ બન્યા છે. લગભગ એક માસથી કેટલાક કેબીનોના અંતરાય માત્રને કારણે ખોદી કાઢેલા રોડ માર્ગ અટકી પડ્યો છે. જે ભારે આફતરૂપ પુરવાર થઈ રહ્યો છે. આ ખોદકામ કરાયેલા રોડને કારણે વેપાર-ધંધાને પણ ભારે નુકશાન થઈ રહ્યું છે. આ વેપારીની વસમી વેદનાને નગરપાલિકાના સત્તાધિશોના કર્ણપટ પર પહોંચાડવા એક આવેદનપત્ર લઈને ૨ ડઝન જેટલા નગરપાલિકાની પહોંચેલા વેપારીઓને ભારે કડવો અનુભવ થતાં પાલિકા અને વેપારીઓ વચ્ચે રીતસરનું આક્રમક શાબ્દિક યુદ્ધ છેડાઈ ગયુ હતું. જેથી થયેલો હોબાળો વેપારી નગરીમાં "ટોક ઓફ ધી ટાઉન" બન્યો હતો.

તલોદ નગરપાલિકાના પ્રમુખ/ચિફ ઓફિસરને માર્ગની ખરાબીના કારણે ધંધામાં થતા નુકશાન સંદર્ભે અને મહિનાથી ખોદી નાખીને પથ્થરો લાદેલા રોડ માર્ગનું કામ તાકીદે પુરૂ કરવા સંદર્ભે વેપારીઓએ આજે આવેદનપત્ર આપ્યું હતું. વેપારીઓની યોગ્ય રજૂઆતને જવાબદારતંત્રના અધિકારીએ ગંભીર ન લેતા અને કથિત ખોટો બચાવ કર્યે રાખતા વેપારીઓમાં ભારે આક્રોશની લાગણી ઉદ્‌ભવી હતી. વેપારીઓના દાવા મુજબ પાલિકાના ચિફ ઓફિસરે વેપારી અરજદારોને "ગેટ આઉટ" કરી દીધા હતા. ચેમ્બરમાંથી બહાર નીકળી જવા અને એપોઈન્ટમેન્ટ વિના કચેરીમાં નહિ આવવાનું પણ ફરમાન ચિફ ઓફિસરે કરતાં મામલો છંછેડાઈ ગયો હતો. એક મહિનાથી ખોદકામ કરીને પડી રહેવા દીધેલ રોડનું કામ કેમ પુરૂ થતું નથી..? તેવા વેપારીઆલમના યોગ્ય સવાલને કારણે જાણે કે બોદુ તંત્ર આવું વર્તન કરવા પ્રેરાઈ ગયું હતું.

ચિફ ઓફિસરના દાવા મુજબ રજૂઆત કરવા આવેલા અરજદાર વેપારીઓ પૈકીનાઓએ પદાધિકારી અને અધિકારીની ગરિમા ન જળવાય તેવા શબ્દપ્રયોગો કર્યા હતા. જો કે હકિકત એ પણ છે કે, ત્રાહિમામ બનેલા વેપારીઓ પૈકીના એક વેપારીએ કરેલ શબ્દપ્રયોગ "બળતામાં ઘી હોમવા" પૂરતો રહ્યો હતો. જેનાથી ઉશ્કેરાઈ ગયેલા પાલિકા પ્રમુખે આવેદનપત્રની એ કોપી ફાડી નાખી હતી. આક્રોશમાં બોલાયેલ શબ્દ પ્રયોગથી પ્રમુખ ઉકળી ઉઠ્યા હતા.

તલોદ બજારમાં કરોડોના ખર્ચે થઈ રહેલો રોડ માર્ગ તેના ટેન્ડરના માપ મુજબ નહિ થતો હોવાની અને ગેરકાયદેસર દબાણકારોને છાવરવા ખોટા માપનો બનાવવામાં આવતો હોવાની ચર્ચા પણ થઈ રહી છે. ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યું છે ત્યારે તેવા સંજોગોમાં નડતરરૂપ દબાણો હટાવીને કે તે અંગે યોગ્ય કરીને પણ તત્કાળ રોડનું કામકાજ ચાલુ કરી પૂર્ણ કરી દેવું જોઈએ જે અત્યંત આવશ્યક બાબત છે.

હિંમતનગરમાં લાંચ લેતા પકડાયેલ તલાટીની બદલી અને સસ્પેન્ડ કરવામાં તંત્રની ઉદાસીનતા

નાયબ ડીડીઓ તલાટી પાસેથી પૈસા લઈને છાવરી રહયા હોવાની રાવ : હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા સમક્ષ ગ્રામજનોની રજૂઆત

હિંમતનગર ૧૧

આમ તો નિયમ છે કે કોઈ અધિકારી કે કર્મચારી લાંચ લેતા પકડાય તો તેની તાત્કાલિક અસરથી અન્ય સ્થળે બદલી કરી તેને સસ્પેન્ડ કરવામાં આવતા હોય છે. પરંતુ હિંમતનગર તાલુકાની સૌથી મોટી સવગઢ ગ્રામ પંચાયતના તલાટી ફકીરમહમદ મેમણ રૂ.૧૫૦૦ની લાંચ લેતા એસીબીના અધિકારીઓના હાથે બે માસ અગાઉ પકડાયો હોવા છતાં હજુ સુધી ન તો તલાટીની બદલી કરવામાં આવી છે કે ન તો તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. જેના કારણે તલાટી ગ્રામજનો પ્રત્યે કિન્નાખોરી રાખી રેકર્ડ સાથે છેડા કરી રહયો છે તેમજ અરજદારોને કામો માટે ધક્કા ખવડાવતો હોવાની વ્યાપક બુમો ઉઠવા પામી છે. નિયમ મુજબ લાંચ લેતા પકડાયેલ તલાટીની તાત્કાલીક અસરથી બદલી કરી તેને સસ્પેન્ડ કરવાનો હોય છે. પરંતુ લાંચ લેતા પકડાયેલ સવગઢ તલાટીને સાબરકાંડા જિલ્લા પંચાયતના નાયબ ડીડીઓ છાવરી રહયા હોવાનું તપાસના અંતે બહાર આવવા પામ્યુ છે. તલાટીની બદલી માટે સવગઢના ગ્રામજનોએ હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા સમક્ષ રજુઆત કરી હોવાનું જાણવવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગરને અડીને આવેલી સવગઢ ગ્રામ પંચાયતનો ભષ્ટ્ર તલાટી ફકરીમહમદ મેમણ બે માસ અગાઉ એક ખેડુત પાસેથી રૂ. ૧૫૦૦ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયો હતો. પરંતુ તંત્રની હોતી હે ચલતી હે ની નિતિ તેમજ ભષ્ટ્ર અધિકારીઓની તલાટી સાથેની મિલી ભગતના કારણે આજ દિન સુધી તલાટીની બદલી કરવામાં આવી નથી કે તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યો નથી જેના કારણે લોકોમાં અચરજ પેદા થવા પામી છે. તલાટીને ખેડુતે લાંચ લેતા પકડાવવાની હિંમત કરતા તલાટી મેમણ ગ્રામજનો ઉપર રોષે ભરાયો છે. અને ગામ દફતરના રેકર્ડ સાથે ચેડા કરી રહયો છે. તેમજ કામ અર્થે ગ્રામપંચાયતમાં આવતા અરજદારોને એક યા બીજા બહાને હેરાન કરી અરજદારોના કામોને ટલ્લે ચઢાવી રહયો છે. તેમજ અરજદારો સાથે ઉધ્ધત વર્તન કરી રહયો છે. ત્યારે નવા વરાયેલા જિલ્લા વિકાસ અધિકારી વ્યાસ તેમજ એસીબીના ઉચ્ચ અધિકારીએ ઉડાણ પૂર્વક તપાસ કરાવી લાંચ લેતા પકડાયેલા ભષ્ટ્ર તલાટી મેમણની હજુ સુધી બદલી કરી સસ્પેન્ડ કેમ કરવામાં આવ્યા નથી તેમજ લાંચ લેતા પકડાયેલ તલાટીને સસ્પેન્ડ અને બદલી ન કરવામાં કયા અધિકારીનો હાથ છે તે અંગે તપાસ કરી સવગઢના ભષ્ટ્ર તલાટીની તાત્કાલિક અસરથી બદલી થાય તેવી ગ્રામજનોની લાગણી સાથે માંગણી છે.

સવગઢની સીમમાં બાઈક પર સવાર મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર-વિજાપુર માર્ગ પર સવગઢની સીમમાં આવેલ પેટ્રોલપંપ નજીકથી સોમવારે બપોરે બાઈક પર સવાર મહિલાના ગળા પર હાથ મારી રૂા.૩૦ હજારની મત્તાનો સોનાનો દોરો લૂંટી બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચરો ભાગી છુટયા હતા. ભોગ બનનાર મહિલાએ લૂંટની ઘટના સંદર્ભે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

લૂંટની ઘટના સંદર્ભે પ્રાપ્ત વિગત અનુસાર સલાલના પ્રજાપતિ ફળીયામાં રહેતા કપીલાબેન અશોકભાઈ પ્રજાપતિ સોમવારે બપોરના સુમારે દિકરા ધ્રિપલ સાથે બાઈક પર ધનપુરાથી હિંમતનગર તરફ આવી રહ્યા હતા. સવગઢની સીમમાં કડીવાલા પેટ્રોલપંપ નજીકથી મા-દિકરો બાઈક પર આવી રહ્યા હતા તે દરમિયાન પલ્સર બાઈક પર આવેલા ૨૦ થી ૨૨ વર્ષીય બે ચેઈન સ્નેચરોએ ધ્રિપલની બાઈક લગોલગ પોતાનું બાઈક લાવી બાઈક પર સવાર એક ચેઈન સ્નેચરે ચાલુ બાઈકે કપીલાબેનના ગળા પર હાથ મારી સોનાનો દોરો તોડી લૂંટ ચલાવી પલભરમાં ભાગી છુટયા હતા. દરમિયાનમાં કપીલાબેન પ્રજાપતિએ નજીકના જ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં રૂા.૩૦ હજારની કિંમતના આશરે બે તોલાના સોનાના દોરાની લૂંટની ઘટના સંદર્ભે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં રીયલ નમકીનના ગોડાઉનમાંથી ૫૪ હજારની ચોરી

હિંમતનગર, તા. ૧૧

ખેડબ્રહ્મા શહેરની તાલુકા શાળા નં.૧ પાસે રહેતા રાજેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિ રીયલ નમકીનના વિક્રેતા હોઈ નમકીન માટે સાંઈનાથ હોટલ પાસે ગોડાઉન રાખ્યુ હતુ. જે નમકીનના ગોડાઉનમાંથી રૂા.૫૪ હજારથી વધુની મત્તાના માલની ચોરી થયાનો શક આધારે વેપારીએ બે જણા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

રીયલ નમકીના વિક્રેતા રાજેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિએ તે ગોડાઉન પર કિરણ (જીગો) રમણભાઈ ઠાકરડા (રહે. પાદરડી) ને રાખેલ હતો. જયારે છ માસ પહેલા છુટો કરેલ પરોયાનોવનરાજ રામાભાઈ રોઠડેગોડાઉનની તાળાની ડુપ્લીકેટ ચાવી બનાવડાવી ગત મંગળવારથી સોમવાર સુધીના સમયગાળા દરમિયાન નમકીનના રૂા.૫૪,૩૬૦ના પેકેટ ચોરી કર્યા હોવાના શક આધારે રાજેશભાઈ પ્રજાપતિએ બંને વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરમાં મહારાણા પ્રતાપ જન્મ જયંતિની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૧૧

હિન્દુ સમ્રાટ મહારાણા પ્રતાપની જન્મજયંતિ પ્રસંગે પાલનપુર ખાતે રઘુવીર સેના દ્વારા સાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આજરોજ રઘુવીર સેનાના અધ્યક્ષ જયદેવસિંહ હરિસિંહ હડીયોલના અધ્યક્ષસ્થાને ચામુંડા સોસાયટી, પાલનપુર ખાતે જગદીશ્વર મહાદેવના પ્રાંગણમાં મહારાણા પ્રતાપની છબીને પૂજા અર્ચન અને માલ્યાર્પણ કરીને ઉજણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુર શહેર રાજપૂત સમાજના પ્રમુખ અમરસિંહ ચૌહાણ, રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજીના ઉપપ્રમુખ રૂપસિંગ ચૌહાણ, એડવોકેટ દિલીપસિંહ ચાવડા સહીત રાજપૂત સમાજના યુવા અગ્રણીઓ પ્રદિપસિંહ ચૌહાણ, સુરેશસિંહ ચૌહાણ, અજીતસિંહ હડીયોલ, ભરતસિંહ સોલંકી, હિંમતસિંહ દિયોલ, નરેન્દ્રસિંહ ચૌહાણ, ભૂપતસિંહ હડીયોલ, જવાનસિંહ રાઠોડ, દિગ્વીજયસિંહ ચૌહાણ, વદનસિંહ, સુરેન્દ્રસિંહ ચૌહાણ, ધવલસિંહ રાઠોડ, સેજયસિંહ પરમાર વિગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બાદમાં પાલનપુર શહેરમાં મહારાણા પ્રતાપની પ્રતિમા મુકાય તે માટે જગ્યા ફાળવવા કલેક્ટરને આવેદન પત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી.

સલાલમાં બાર શખ્સો સામે રાયોટીંગનો ગુનો દાખલ

સમાજમાં ખોટી વાતો અને બદનામ ન કરવાનું કહેતા આરોપીઓ દ્વારા લાકડી ડંડા વડે હૂમલો કરી માર મારતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે સમાજમાં ખોટી રીતે બદનામ ના કરવાનું કહેતા આરોપીઓ દ્વારા એક સંપ થઈ જી.મે.ના જાહેરનામાનો ભંગ કરી ફરીયાદીને એક સંપ થઈને માર મારતાં પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સલાલ ગામે રહેતા સદી મદનલાલ મિસ્ત્રી રહે. સલાલ કે જેવોની બહેન રેખાબેન બે વર્ષ અગાઉ ગળેફાંસો ખાઈને મરણ ગયેલ તે બાબતે આરોપીઓ દ્વારા સમાજમાં ખોટી વાતો વહેતી કરતાં અને બદનામ કરતાં ફરીયાદી સદીમદનલાલ મિસ્ત્રી દ્વારા આરોપી એક અને ત્રણનાને પોતાના ઘરે બોલાવી બન્નેને સમજાવવા જતાં આરોપીઓ સાથે બોલાચાલી બાદ ઉશ્કેરાઈને ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તથા આરોપી ત્રણનાએ ગાળો બોલી આરોપી ૬ થી ૧૦ નાઓ ફરીયાદીને લાકડી ઠંડાથી માર મારી એક સંપ થઈ માર મારતા જિ.મે. ના જાહેર નામાનો જાહેરમાં ભંગ કર્યો હતો. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સદીમદનલાલ મિસ્ત્રી દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરી કલમ-૧૫૧ મુજબ ૧૨ની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે આ બાબતે સામ સામે ક્રોસ ફરીયાદ થઈ છે જ્યારે પોલીસે નીચે મુજબના આરોપીઓની પોલીસે અટકાયત કરી છે. આ આરોપીઓની અટકાયત કરાઈ છે જે આ પ્રમાણે છે. સતલાલ દોલતચંદ્ર મિસ્ત્રી, નવરંગ દોલતચંદ્ર મિસ્ત્રી, તુલસીદાસ બનવાળી મિસ્ત્રી, હાર્દિક નવરંગ મિસ્ત્રી, વિકાસ નવરંગ મિસ્ત્રી, રણજીત દુલીચંદ મિસ્ત્રી, બ્રિજેશ સતલાલ શર્મા, અલ્પેશ સંદીલાલ સર્મા, હર્ષલ રણજીતભાઈ શર્મા, વિકાસ રણજીતભાઈ શર્મા, અમિત તુલસીદાસ મિસ્ત્રી તથા સંદીપ નરોત્તમભાઈ શર્મા.

ઈલોલમાં તસ્કરોનો તરખાટ

એક મંદિર તથા ગલ્લાને નિશાન બનાવી ૧૮ હજારની ચોરી કરી તસ્કરો પલાયન

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે શુક્રવારે રાત્રે પહાડીયા વિસ્તારમાં આવેલ એક મંદિર સહિત ગલ્લાને નિશાન બનાવી કુલ રૂા.૧૮ હજારની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થઈ જતા ગ્રામજનોમાં ફફડાટની લાગણી પ્રવતી રહેલ છે. આ અંગે ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરાતા કાયદેસરની કાર્યવાહી કરી ડોગ સ્કવોર્ડ બોલાવી તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ શુક્રવારે રાત્રે ઈલોલના પહાડીયા વિસ્તારમાં આવેલ રામદેવપીર મંદિર પરિસરમાં મુકાયેલ લોખંડની દાનપેટી તસ્કરોએ ઉપાડી લઈ જઈ દાનપેટી નીચેના ભાગમાંથી તોડી તેમાંથી આશરે રૂા.૧૦ હજારની રોકડ રકમ ચોરી કરી દાનપેટી સ્મશાન નજીક બિનવારસી છોડી દેવામાં આવી હતી. જયારે મંદિરની સામે આવેલ મહેન્દ્રભાઈ કડવાભાઈ ચમારના ગલ્લાનું તાળુ તોડી તેમાં મુકેલ રૂા.૮ હજારની ચોરી કરી તસ્કરો પલાયન જઈ જતા શનિવારે મહેન્દ્રભાઈ ચમારે આ અંગે ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરાતા ગ્રામ પોલીસ મથકના પી.એસ.આઈ. સી.વી. નાયકે કાયદેસરની કાર્યવાહી કરી ડોગ સ્કવોર્ડ બોલાવી તપાસ હાથ ધરી છે.

તસ્કરોના તરખાટથી ગ્રામજનોમાં ફફડાટની લાગણી પ્રવર્તી રહી છે. સાથે સાથે પોલીસ પેટ્રોલીંગ વધારવાની માંગ પ્રવતી રહેલ છે.

થેરાસણાના ખેડૂતને જંતુનાશક દવાની અસર થતા મોત

હિંમતનગર, તા. ૧૧

વડાલી તાલુકાના થેરાસણા ગામમાં મંગળવારે સવારે મગફળીના ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતા ખેડૂતને દવાની અસર થતા સારવાર માટે લઈ જતા રસ્તામાં કરૂણ મોત નિપજયુ હતું. આ બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડાલી તાલુકાના થેરાસણા ગામમાં રહેતા કાન્તીભાઈ ધુળાભાઈ પટેલ (ઉ.વ.૪૯) એ પોતાની ગામતળમાં આવેલી ખેતીલાયક જમીનમાં મગફળીનું વાવેતર કર્યુછે. જે પાકમાં રોગ આવતા મંગળવારે સવારે રોગ પર કાબુ મેળવવા મોનોક્રોટો નામની જંતુનાશક દવાનો છંટકાવ મગફળીમાં કરવા ગયા હતા. જે દવાનો છંટકાવ કાન્તીભાઈ કરતા હતા તે દરમિયાન તેમને દવાની અસર થતાં તેઓ ઢળી પડયા હતા. જેથી તેમના પરિવારજનો તેમને સારવાર અર્થે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાવી રહ્યા હતા. જે દરમિયાન રસ્તામાં તેમનું સારવાર મળતા પહેલા જ મોત નિપજયુ હતું. બનાવ અંગે વડાલી પોલીસે વિમલકુમાર કાન્તીભાઈ પટેલે મંગળવારે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આદર્શ હાઈસ્કૂલના કંપાઉન્ડમાંથી ગઠિયા જીપ ચોરી ગયા

હિંમતનગર, તા. ૧૧

ખેડબ્રહ્માના સિરાજભાઈ ભટીના ભત્રીજા વસીમરાજ મહમદઅલીએ રવિવારે સાડા અગિયારેક વાગ્યાના સુમારે સવગઢ ગામની આદર્શ હાઈસ્કૂલના ખુલ્લા કંપાઉન્ડમાં મેકસ જીપ નં. જીજે.૯.બીએ.૪૬૨૨ પાર્ક કરી મુકી હતી. રૂા. ૫૨ હજારની મત્તાની જીપ કોઈ ગઠિયો ચોરી ફરાર થઈ જતા વાહન ચોરીની ઘટના સંદર્ભે સિરાજભાઈ ભટીએ સોમવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અસરગ્રસ્ત જાહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતું કે, હાલ રાજ્યમાં ૩૯૮ ગામો અને ૪૯૩ પરા-ફળિયા મળી ૮૯૧ સ્થાનોએ ૫૦૪ ટેન્કરો મારફતે ૨૪૦૦ ફેરા દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પાણી પુરવઠાની એકંદરે સ્થિતિ સંતોષકારક છે અને જયાં જયાં જરૂરિયાત છે ત્યાં હેન્ડપંપની પણ તાકીદે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હેન્ડપંપના રિપેરિંગ માટે રાજ્યમાં ૨૨૫ ટીમો કાર્યરત છે. એટલુંજ નહીં ચાલુ વર્ષે પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૦૧૩૭ બોર-હેન્ડપંપના કામો પૂર્ણ કરી દેવાયા છે. મુખ્યમંત્રીએ સરદાર સરોવર નર્મદા બંધના પાણીની સ્થિતિની પણ સમીક્ષા આ બેઠકમાં કરી હતી. નર્મદાનું પાણી જે અગાઉ ૧૨૦૦ એમએલડી લેવામાં આવતું હતું તે પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈને ૨૩૦૦ એમએલડી કરવામાં આવ્યું છે તેમ આ દરમિયાન જાણકારી આપવામાં આવી હતી. આ સમીક્ષા દરમિયાન માહિતી આપવામાં આવી કે આગામી ૧૫મી મેથી નર્મદા કમાનડ એરિયામાં જયાં પાણીની માંગણી આવશે ત્યાં આગોતરા પાક અને વાવણી માટે પાણી પહોંચાડવાનું સમયબદ્ધ આયોજન હાથ ધરવામાં આવેલું છે. રાજયના ૨૦૩ જળાશયોમાં ૩૨૪૫.૯૩ મિલિયન ઘનમીટર એટલે કે કુલ સંગ્રહશક્તિના ૨૦.૧૪ ટકા જેટલો પાણીનો જથ્થો સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે ઉપલબ્ધ છે તેની વિગતો પણ બેઠકમાં ચર્ચાઈ હતી. આ બેઠકમાં વધુ વિગતો આપતા મંત્રીઓની સબ કમિટિના અધ્યક્ષ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત-અર્ધઅછતગ્રસ્ત વિસ્તોર સહિત રાજયમાં કુલ ૩૫.૫૩ લાખ પરિવારોએ મનરેગા કામો પરથી ૧૦૦ કરોડ રૂપિયાની રોજગારી મેળવી છે. આ કામોમાં જળસંચયના ૮૯૧ કામો સહિત હયાત તળાવો ઊંડા કરવાના કામોને પણ આવરી લેવાયા છે. રાજયમાં કચ્છ, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાઓમાં કુલ ૪૬ ગૌશાળાઓમાં ૯૪૩૩ પશુઓ તેમજ કચ્છમાં ૧૩ કેટલ કેમ્પમાં ૭૯૩૩ પશુઓ આશ્રય લઈ રહ્યા છે. આ પશુઓ સહિત સમગ્ર રાજયમાં પશુધન માટે રાહતદરે ત્રણ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પણ રાજ્ય સરકારે કર્યું છે.

તાળા મારી દેવાનો નિર્ણય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનની જ નિમણુંક કરવામાં આવી છે.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ તેમની કચેરીનું સ્થળ બદલ્યું છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બન્ને પક્ષના નેતા માટે અલગથી જગ્યા આગામી દિવસોમાં ફાળવવાનો નિર્ણય પણ થઈ શકે છે.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ મનપાના સચિવની કચેરીમાં પોતાની ચેમ્બર ખસેડતાં હવે આગામી દિવસોમાં વધુ ફેરફાર થશે તેમ મનાઈ રહ્યું છે.

હિંમતનગરના બહુમાળી ભવનમાંથી બાઈકની ચોરી

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરના બહુમાળી ભવન કેમ્પસમાંથી ચારેક દિવસ અગાઉ વધુ એક બાઈક ચોરાતા બહુમાળી ભવનના વિવિધ વિભાગોમાં નોકરી કરતા કર્મચારીઓમાં વાહનોની સલામતી મામલે ફફડાટ સર્જાયો છે. ગત શુક્રવારે કેમ્પસમાંથી વાહન ચોરીના મામલે મહાવીરનગરના રહીશે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મહાવીરનગરની ગંગોત્રી સોસાયટીમાં રહેતા નિલેશપુરી દશરથપુરી ગોસ્વામીએ ગત શુક્રવારે પોતાનું હિરોહોન્ડા બાઈક નં. જીજે.૯.એએમ.૩૭૮૮ બહુમાળી ભવનમાં પાર્ક કર્યુહતું. ઓફિસ સમય સવારે ૧૦ થી ૬ દરમિયાન કોઈ ગઠિયો રૂા.૧૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ભાગી છુટતા તેમણે વાહન ચોરીની ઘટના સંદર્ભે સોમવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બહુમાળી ભવનમાં હોમગાર્ડઝ ઉપરાંત પોલીસ કર્મીઓની ડયુટી રહેતી હોવા છતાં કેમ્પસમાંથી છેલ્લા ૧૫ દિવસમાં બીજી વાહન ચોરીની ઘટના બનતા કર્મચારીઓમાં વાહનોની સલામતી સામે અસલામતીની અનુભવી રહ્યા છે.

કોંગ્રેસનો અસલી ચહેરો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકામાં સામાન્ય સભામાં અમારા પક્ષનો વિજય થયો છે અને હાર નહિ પચાવી શકતી કોંગ્રેસ જે માર્ગે છે તે અશોભનીય છે એટલુ જ નહિ તે લોકશાહીના માર્ગે જે કરવુ હોય તે કરે પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી.

ગઈકાલે રાત્રે શું સમાધાન થયુ હતુ ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ અને ભાજપના કેટલાક આગેવાનો એક-બીજાને મળ્યા હતા અને તેમાં પણ જે રીતે હૂમલાનો પ્રયાસ થયો છે તેને લઈ ચિંતાની લાગણી વ્યક્ત થઈ હતી એટલું જ નહિ આ યોગ્ય નહિ થયાનું બન્ને પક્ષના આગેવાનોએ સ્વીકાર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ આવી કોઈ પણ પ્રકારની હવે પછીની હરકતો સાંખી લેશે નહિ.